## 'મનપ્રવેશ' : ઉત્તમ વસ્તુનું સસ્તું ચિત્રણ | ગુણવંત વ્યાસ

[**'મનપ્રવેશ'** : રવીન્દ્ર પારેખ, સાહિત્યસંગમ, સુરત, પ્ર. આ. ૨૦૦૮, ડિમાઈ, પૃ. ૧૧૨]

'' 'મનપ્રવેશ' મારી લખાયેલી છઠ્ઠી નવલકથા છે ને પ્રગટ થયેલી પાંચમી. આમ તો એનું કાઠું લઘુનવલનું છે. હું એને પરિસ્થિતિજન્ય (સિચ્યુએશનલ) કૃતિ કહેવા લલચાઉં, તે એટલા માટે કે ૨૦૦૬માં સુરતમાં અભૂતપૂર્વ પૂર ન આવ્યું હોત તો કદાચ આ નવલકથાનો વિચાર પણ ન આવ્યો હોત.'' – પ્રારંભે નવલકથા વિશે લખતાં શ્રી રવીન્દ્ર પારેખ 'મનપ્રવેશ'માં સુરતમાં આવેલા વિનાશક પૂરમાં ફસાયેલી વ્યક્તિની મનોસ્થિતિને નવલકથાનો વર્ણ્ય વિષય બનાવે છે. સ્વાનુભવને નવલકથામાં ઢાળવા મથતા લેખકે પોતાની અનુભૂતિને નેહાના પાત્રથી પ્રગટાવવા ઇચ્છી છે. નેહા આર્થિક રીતે સમૃદ્ધ કુટુંબમાં ઊછરતી ધનવાન પિતાની એકમાત્ર પુત્રી છે. મા પેરેલિટિક હોઈ, સારવારના બહાને પિતાએ ઘરથી દૂર કરી છે ને માસી સાથે સંબંધો વિકસાવ્યા છે. પિતા ધંધાર્થે ને એટલા જ સ્ત્રીઅર્થે ઘરથી દૂર રહે છે. વિશાળ બંગલામાં લગભગ એકલવાયું જીવન જીવતી નેહા સામાન્ય સ્થિતિના સહાધ્યાયી રાજેશને અનહદ ચાહે છે. સર્વસ્વ સમર્પીને પણ તે રાજેશને પામવા / ભોગવવા ઝંખે છે. રાજેશ પણ નેહાને ચાહતો હોવા છતાં નેહાથી શક્ય એટલું અંતર રાખી, પોતાની જાતને બચાવતો રહ્યો છે. વરસાદી હોનારતની આગલી રાતે પોતાને મૂકવા આવેલા રાજેશને કોઈ પણ ભોગે ભોગવવાની વાસના સેવતી નેહાની ઝંખના રાજેશની અડગ મક્કમતાથી અધૂરી જ રહે છે. વિશાળ બંગલામાં એકલી-અટૂલી નેહા ચોતરફથી પાણી વચ્ચે ઘેરાતાં, મૃત્યુને નિકટથી જુએ છે. એક શબ તણાતું આવી, બારી વાટેથી ઘરમાં ઘૂસે છે. ડરામણું એકાંત, ઘનઘોર રાત્રિ ને ઘરમાં તરતું શબ નેહાને એટલી તો ગભરાવી મૂકે છે કે તે ખુદથી ડરવા લાગે ! ફ્રિજ, ટીવી, લાઇટ, ફોન, મોબાઇલ જેવી ભૌતિક સુવિધાઓ ખરા સમયે જ ખોખાં પુરવાર થાય છે ! આગળ જતાં પ્રાથમિક જરૂરિયાત એવાં અન્ન-જળથી પણ તે વંચિત થઈ, અસહાય એવી વિવશ સ્થિતિમાં મુકાય છે. મૃત્યુનું નૈકટ્ય અનુભવતી નેહાની ભયાવહ એકાંતની યાત્રા નવલકથાનું વસ્તુ બને છે.

'નાયિકાનાં માતાપિતાનાં પાત્રો માનવદેહે નવલકથામાં લાવવાને બદલે તેમને ટેલિફોન પર જ સજીવ રાખ્યાં છે. એ કેવળ ટેલિફોનિક ટૉક પરથી સર્જાયાં છે. નાયિકાની મિત્ર અને નાયિકાનો પ્રેમી માનવદેહે નવલકથામાં અલબત્ત છે પણ એ બે પણ પાણીથી વિખૂટાય છે ને છેલ્લે રહે છે નાયિકા એકલી ! હું આને વન વૂમન નોવેલ કહેવા લલચાઉં ને એક તબક્કે તો વનપર્સન નોવેલ જ ! એ રીતે તે કદાચ પ્રયોગ પણ છે.' – એવું નોંધતા લેખકનો આ પ્રયોગ ખાસ ફળીભૂત થતો નથી. કૃતિ જેટલી અપેક્ષા જન્માવે છે તેટલી સંતોષતી નથી. મુખપૃષ્ઠનું ચિત્ર, કૃતિનું શીર્ષક અને ઘટના-પસંદગી ઉત્તમ હોવા છતાં કૃતિ સ્થિતિનો આલેખ અને વિગતોનો ભંડાર માત્ર બની રહે છે. કવિ તરીકે રવીન્દ્ર પારેખનો ગદ્યમાં થતો 'પ્રવેશ' થોડો ઉપકારક રહ્યો છે. અન્યથા પરિસ્થિતિનો ચિતાર બની રહેતી કૃતિ, સુરતની રેલ-ઘટનાનું ક્રમિક આલેખન માત્ર બની, સર્જનથી વેંત-વા છેટી રહી છે. સ્થૂળ વિગતોનું નિરૂપણ ભાવકને પાત્રના મનપ્રવેશથી વંચિત જ રાખે છે. નાયિકાના વિચારોનું ધાર્યું ઊંડાણ તાગી શકાયું નથી. કેટલાક વિગત-દોષો પણ કૃતિને નબળી ચીતરવામાં ભાગ ભજવે છે. ઘટનાઓની ગોઠવણી દેખાઈ આવે છે. અંતમાં રાજેશનું અપમૃત્યુ નેહાની પીડા વધારતું હોવા છતાં સ્વાભાવિક જણાતું નથી. નવલકથાની નાયિકા 'લાઉડ' હોવાની વાત કહેતા લેખકની આ કૃતિ જ ખુદ 'લાઉડ' બની ગઈ છે.

નાયિકા બોલ્ડ છે, તો નાયિકાની સખી રોમા ઑવર બોલ્ડ છે ! અનેક બૉય-ફ્રેન્ડને 'એક્સપાયરી' આવતાં બદલી નાખતી રોમા સામે નેહા હજુ એક ફ્રેન્ડ સાથે પણ 'સેક્સ'પાયરી સુધી પહોંચી નથી. રોમા, બૉયફ્રેન્ડ એક્સચેન્જ કરવાની માગણી કરી શકે ને નેહા તેને બી.પી. ફિલ્મ જોવાની સલાહ આપી શકે એટલી નિકટતા આ બન્ને વચ્ચે છે ! રોમા તો બૉયફ્રેન્ડ ન મળે તો ગર્લફ્રેન્ડ સાથે બે-ઘડી 'એન્જોય' કરી લેવા સુધી 'એક્સાઇટ' થઈ શકે છે ! આ તરફ નેહાના પિતા નેહાને એકલતા દૂર કરવા 'એડલ્ટ ડીવીડી' જોઈ કાઢવાની સલાહ આપી શકે છે ને નેહા પણ, ગુસ્સામાં, 'એડલ્ટ ડીવીડી ઉતરાવાનો' આક્રોશ પ્રગટાવી શકે છે ! દીકરીને 'બહાદુર' બનાવવા ને 'આત્મનિર્ભર' કરવા પિતાનો આ શૉર્ટકટ આધુનિક હોવા છતાં અકળાવનારો છે. કહેવાતી, પિતાની 'જડબેસલાક વ્યવસ્થા' (પૃ. ૨૬) નવલકથામાં ક્યાંય જોવા મળતી નથી. રેલની સ્થિતિમાં પણ એક ધગધગતો પુરુષ ઝંખતી (૫૬) નેહા પૂરનું પાણી ઊતરતાં જ રોમાને મળી પેટની ભૂખ-તરસ સંતોષ્યા બાદ શરીરી તરસની પ્યાસ પ્રગટાવે છે : 'આ સાલો કોરો ગયો. મને કોરો રાખીને. તરસી રાખીને !' (૧૦૮) આ બધું પાત્રોની માનસિકતા છતી કરતું હોઈ, 'મનપ્રવેશ' ધાર્યાથી જુદો જ અર્થ પ્રગટાવે છે !

નવલકથા, કૉલેજ શરૂ થયાની કોઈ એક બપોરની ક્ષણથી આરંભાતી જણાય છે; જે ચોથા દિવસની બપોર પૂર્વે પૂરી થાય છે. અર્થાત્ આશરે ૭૦-૭૨ કલાકના સમયપટ પર વિસ્તરતી આ કૃતિ ત્રણ રાત્રિના ભેંકાર એકાંતની પાત્ર-માનસ પર થતી અસરને ઠીક ઠીક પ્રગટાવે છે. સમયના સંદર્ભો ક્યાંક ક્યાંક પકડી શકાય છે, પણ તેનો મેળ બેસાડી શકાતો નથી. પ્રથમ દિવસથી કૉલેજ જો સવારની હોય તો બપોરનો તડકો ચોપાટી પર રાજેશ સાથે માણતી નેહા, રાજેશ સાથે જ ત્યાંથી નીકળી ઘરે આવે ત્યારે સાંજ કઈ રીતે શક્ય બને ? કૉલેજસમય બપોરનો માનીને ચાલીએ તો, બીજે દિવસે સવારે ૮.૩૦ કલાકે સ્ટેશને રાજેશની રાહ જોયા પછી, તે ન મળતાં, નેહા કૉલેજ પર આવે ત્યારે 'સ્ટુડન્ટ્સ બધાં જ ઉતાવળે ઘર તરફ ભાગતાં' હોય ! (૩૪) અર્થાત્ કૉલેજ સવારની હોવાનો નિર્દેશ મળે. કૉલેજમાંથી નીકળી, રોમા સાથે ભજિયા ખાઈને નેહા ઘરે જવા નીકળે ત્યાં રસ્તામાં જ આછું અજવાળું, ઝગી ઊઠતાં સોડિયમ લૅમ્પ્સ આદિનો ઉલ્લેખ સાંજ થયાનું સૂચવે !! ૧૦:૫૫નો સમય (૫૧) બીજી રાત્રિને નિર્દેશે. પછીના દિવસની આપવીતી કેટલીક ક્રિયાઓ દ્વારા નિરૂપાય; પણ ત્રીજી રાત્રિ દરમિયાન નેહા પર શું વીત્યું તેનો ઉલ્લેખ સુધ્ધાં ન મળે ને 'વળી એક મરેલી સવાર' (૯૬) ચોથા દિવસનું પ્રભાત હોવાનું કળાય. – આ બધાંમાં બીજી રાત્રિ ને ત્રીજો દિવસ જ નેહાની કસોટીરૂપ પુરવાર થતો હોઈ, રેલમાં ફસાયેલા માણસની ભયાવહ સ્થિતિનો નિર્દેશ કરાવે છે.

પૂર-હોનારતની પ્રથમ રાત્રિએ ૧૧ કલાકે રાજેશને ફોન કરતી નેહાને ખ્યાલ આવે કે તે મોબાઇલ ઘરે ભૂલી ગયો છે, જે રાતે ઘરે આવતાં જ નેહાને ફોન જોડી વાત કરે ને થોડી જ ક્ષણોમાં નેહા ફરીથી મોબાઇલ કરે તો ફરી રાજેશ તે ઘરે ભૂલી ગયો હોય એ માન્યામાં ન આવે. સવારે ઘરેથી નીકળેલો રાજેશ રાતે અગિયાર પછી ઘરે આવે ને થોડી જ મિનિટોમાં અનરાધાર વરસતી મધરાતે પાછો ક્યાં ગયો હશે એ પ્રશ્ન પણ જન્મે ! ૫૯મા પાના પર રાતે અગિયાર વાગ્યા પછી ત્રણ પાણીની બૉટલ ને નાસ્તાના પૅકેટ સાથે ઉપર આવતી નેહા (૫૯)

એક વાર થોડું (૭૨) ને બીજી વાર સંતોષ કરતું (૭૩) પાણી પીએ ને સવારે બૉટલમાં એક ટીપું પણ ન હોય (૮૦) એય આશ્ચર્ય જન્માવે ! ચોથે દિવસે ઘરની બહાર આવતી નેહા માણસના અવાજ સાંભળી રાજી થાય (૯૮) એ જ નેહા ત્રીજે દિવસે સવારે રેડિયા પર આવતો માનવધ્વનિ સાંભળી રેડિયો ઑફ કરી દે (૮૨-૮૩) એ પણ મન માનવા ન પ્રેરાય. માણસ આફતમાં મુકાયો હોય, મુશ્કેલી વચ્ચે ઘેરાયો હોય ત્યારે બચવા માટે મરણિયા પ્રયત્નો આદરે. આવા સમયે રેડિયો પરની સૂચનાઓ, સમાચારો ઘણી વાર જીવાદોરી બની શકે. નેહા 'પોતાને વધુ ચાહતી હતી'; જાતને ટકાવવાની અગત્યતા જોતી હતી (૯૯) – આવા ઉલ્લેખો પછી પણ તે જીવાદોરી સમા રેડિયોને ઑફ જ રાખે ! નેહા જો ઘરની બહાર નીકળી શકતી હોય તો ત્રણ દિવસ-રાત ઘરમાં જ પુરાયેલો માનવ-સમુદાય હાથ ઝાલ્યો રહે ? 'આખી સડક પર દૂર સુધી ચલિયું જ ફરકતું ન હતું.' (૯૯) જેવા ઉલ્લેખો ખૂંચે. 'કોઈ ન હતું. કોઈ જ ન હતું.' (૯૯) એવું નોંધતા લેખક થોડાક ફકરાઓ પછી, 'એકાદ દુકાન બીતાં બીતાં ખૂલી હતી ને ઊંચકાયેલા હાથો દૂધની કોથળી માટે ફાંફાં મારતા હતા' (૧૦૩) જેવું વિધાન કરી દ્વિધામાં મૂકે. પ્રારંભે ભજિયાની લારીનો ઉલ્લેખ સહ્ય, પણ હજુ તો હમણાં જ પાણી ઓસર્યાં છે ને નેહા સિવાય કશો સંચાર નથી એવા સમયે દુકાનમાં ભજિયાં તળાવાનો ઉલ્લેખ તો અસહ્ય જ બની રહે. સેવ-ખમણ ખાતા માણસોને સેવ તો વાસી મળી હશે પણ જીવ બચાવવાની ચિંતા હોય ત્યાં ખમણનો આથો નાખવાની નિરાંત કોને મળી હશે ? ચોથા દિવસની સવારનું વાદળછાયું વર્ણન રાત પડી રહી હોય ને અંધારું ઘેરું થતું હોય (૧૦૦) તેવું છે, પણ બીજે જ પાને તડકાનો ઉલ્લેખ (૧૦૧) વાચકને વિચારતો કરી દે છે ! – વિગતદોષથી ખચિત આવા સંદર્ભો કૃતિ માટે જોખમી નીવડે છે. માતા-પિતાની અનુપસ્થિતિ, મોબાઇલનું ડિસ્-ચાર્જ્ડ થવું, ઇન્વેટર બંધ હોવું, કામવાળા-રસોયણ-ચોકીદાર-નોકર-ચાકરનો ઉલ્લેખ ટાળવો, બૅટરી હાથમાંથી પડી જવી, સેલ ઊતરી ગયેલા હોવા, લાશનું બારી વાટે (!) ઘરમાં પ્રવેશવું, પાણી ખૂટી જવું, ઉપરની વૉટર-ટૅન્ક પણ તળિયાઝાટક હોવી વગેરે વાર્તા-પ્રપંચને ખુલ્લો પાડે છે.

વિષય કે શીર્ષક – ગમે તેટલાં ઉત્તમ હોય, તેને ખેડવામાં જો સહેજ પણ ચૂકી જવાય તો ઘટનાનું બયાન માત્ર બનીને અટકી જતી કૃતિઓનાં દૃષ્ટાંત રૂપે 'મનપ્રવેશ'ને મૂકી શકાય. સર્જક નામથી આકર્ષાતો વાચક નિરાશ થવાની અહીં પૂરી શક્યતા છે.



પરબ • 2010